

## ભાદરવાના ભરપૂર વરસાદ વચ્ચે પણ મુક્તેશ્વર ડેમ તળિયા ઝાટક

બનાસકાંઠા જિલ્લાની પૂર્વે આવેલા વડગામ તાલુકાના મુકતેશ્વર-ડેમમાં ભાદરવા મહિનાના ભરપૂર વરસાદ વચ્ચે પણ પાણીની આવક નહીંવત થતાં ડેમનું તળિયું દેખાતા જગતના તાત ગણાતા ખેડૂતોમાં ચિંતા પ્રસરી છે. લોકમાતા સરસ્વતી નદી ઉપર વર્ષો પહેલાં સિંચાઈ વિભાગ દ્વારા ડેમ બાંધવામાં આવ્યો હતો. પરંતુ તાલુકામાં નહેરોના અભાવે હજુ સુધી વડગામ તાલુકાના ૧૧૦ ગામોને સિંચાઈનું પાણી મળ્યું નથી, કારણ જે તે વખતે ડેમના બાંધકામ દરમ્યાન પાણીના વહેણ કે આવરાને ધ્યાનમાં લીધા વગર આડેધડ બાંધકામ કરી દેવાયું હતું. તેથી માત્ર દાંતા તાલુકામાં વરસાદ પડે તો ડેમમાં પાણી આવી શકે છે. એ સિવાય પાણીનો અન્ય કોઈ વિકલ્પ જ નથી. આ વખતે પ્રારંભે રિસાયા બાદ પાછળથી મેઘરાજા જિલ્લા ઉપર પુરેપુરા રિઝયા છે તેથી ભાદરવા મહિનામાં પણ છુટાછવાયો ભરપુર વરસાદ વરસી રહ્યો છે પરંતુ કમનસીબે જંગલ વિસ્તાર ધરાવતા દાંતા તાલુકામાં આ વખતે ઓછો વરસાદ થયો છે. તેથી વર્તમાન ચોમાસાની સિઝનમાં વરસાદના નવા-નિર નહીં ઉમેરાતાં મુક્તેશ્વર ડેમનું તળિયું દેખાતા ખેડૂતોમાં ચિંતાના વાદળાં છવાયા છે. ગયા વર્ષે પણ વડગામ તાલુકામાં નહિવત વરસાદ થયો હતો અને આ વખતે પણ ઓછો વરસાદ થયો છે. અધૂરામાં પૂરું જીવાદોરી સમાન મુક્તેશ્વર ડેમ પણ ખાલી છે. તેથી ભૂગર્ભ જળમાં ચિંતાજનક હદે ધરખમ ઘટાડો નોંધાયો છે. જેના કારણે તાલુકાના એકમાત્ર ખેતીના વ્યવસાયને પણ મરણતોલ ફટકો પડવાની શક્યતા નકારી શકાતી નથી આમેય મંદી અને મોંઘવારીમાં આમ પ્રજા પીસાઈ રહી છે. ત્યાં કુદરત રુઠતા સ્થિતિ અતિ ગંભીર બની રહી છે. જેનો એકમાત્ર રામબાણ ઉપાય ડેમમાં નર્મદાના નીર ઠાલવી કુદરતી કરમાંવાદ સરોવરને પણ સજીવન કરવાની તાતી જરૂરુયાત છે. જે બાબતે પ્રજાના પ્રતિનિધિઓ સાથે સરકાર પણ જાગૃતિ દાખવે તે સમયનો તકાજો છે.

# મોડાસા સહિત અરાવલ્લીમાં ખેલૈયાઓ નવરાત્રીની તૈયારીઓમાં વ્યસ્ત

મોડાસા, તા. ૨૩

નવરાત્રીના આડે હવે ગણતરીના દિવસો બાકી છે ત્યારે મોડાસામાં ગરબાની વિવિધ સ્ટાઈલ શીખવા માટે યુવાધનમાં થનગનાટ જોવા મળી રહયો છે. ગરબાની સ્ટાઈલમાં દોઢીયુ, પોપટીયુ અને હિંચ જેવા સ્ટેપ મહત્વનાં હોવાથી ખેલૈયાઓ હાલમાં આ સ્ટેપ શીખવાની મથામણ કરી રહયા છે. કોરીઓગ્રાફરોએ આ વખતે દોઢીયામાં વેસ્ટર્ન સ્ટેપનો ઉમેરો કરી નવી સ્ટાઈલ બનાવી છે. ગરબામાં હિન્દી ફિલ્મી ગીતોનો ઉપયોગ કરવામાં આવતો હોય છે. પરંતુ આ વખતે શીખવા આવતાં ખેલૈયાઓમાં ગુજરાતી ગીતોનો પણ કેઝ જોવા મળી રહયો છે.



મન મુકીને ગરબા રમવાનો તહેવાર એટલે નવલી નવરાત્રી. નવરાત્રીના આડે હવે ગણતરીના દિવસો બાકી રહ્યા છે. નવરાત્રીમાં ગરબે ગુમવા માટે યુવાધન મનોમન થનગની રહયું છે. આ સિઝનમાં આવતાની સાથે રાજયરભરમાં યુવાધન હીલોળે ચડી હજારો રુપિયા ખર્ચી નવરાત્રીના ગરબાનો અનેરો આનંદ માણતુ હોય છે તો ખેલૈયાઓ એક હજારથી વધુ રુપિયા ખર્ચીને ગરબા કલાસીસમાં વિવિધ સ્ટાઈલ શીખવા જતાં હોય છે. ચાલુ સાલે નવરાત્રીનો પ્રારંભ થવાને આડે હવે ગણત્રીના દિવસો બાકી છે ત્યારે નવલી નવરાત્રીમાં અવનવા સ્ટેપ અને સ્ટાઈલ સાથે ગરબા રમવા માટે મોડાસા શહેરમાં ખેલૈયાઓ અત્યારથી જ તૈયારીઓ આરંભી દીધી છે. ખેલૈયાઓ ગરબાની અવનવી સ્ટાઈલ શીખવા માટે કોરીઓગ્રાફરો દ્વારા ઠેર ઠેર કલાસ શરુ કરી દેવામાં આવ્યા છે. ગરબાની સ્ટાઈલ શીખવા માટે દોઢીયુ પાયો ગણવામાં આવે છે. જે બાદ પોપટીયું અને હિંચ ખેલૈયાઓને શીખવામાં આવે છે. ગરબામાં અવનવી સ્ટાઈલ બનાવવા માટે કોરીઓગ્રાફરો દોઢીયુ, પોપટીયુ અને હિંચમાં કેટલાક સ્ટેપ ઉમેરતા હતાં હોય છે. આ વખતે દોઢીયામાં ૮ સ્ટેપ ૧૬ સ્ટેપ, ૩૨ સ્ટેપ, ૪૮ સ્ટેપ અને ૧૦૮ સ્ટેપનો ઉમેરો કરી ગરબાની નવી સ્ટાઈલ બનાવામાં અવી છે જેમાં એકના એક સ્ટેપ બીજી વાર રીપીટ થતાં નથી.

નાસિકથી નવરાત્રીના અવનવા સ્ટેપ શીખવાડવા આવતા જીગર ભાવાણીએ જણાવ્યું હતું કે ગુજરાતી ગરબા સહીત નવરાત્રીની સિઝનમાં વર્તમાન ફેમસ હિન્દી ગીતો ઉપર અવનવા સ્ટેપ અને સ્ટાઈલો તૈયાર કરવામાં આવી છે. જેમાં સાલશા ડાન્સને ગરબામાં કન્વર્ટ કરવામાં આવ્યો છે. જયારે આ વખતે ચાર ચાર બંગડી વાળી, લે કચુકો લે, તેમજ ગુજરાતી ગીતો પર ખેલૈયાઓ મન મુકી ઝુમશે જેને લઈને ખેલૈયાઓ દ્વારા તૈયારીઓ થઈ રહી છે.



# ટ્રાફિકના નિયમો અમલી બન્યા છતાં હિંમતનગરમાં લગાવાયેલા ટ્રાફિક સિગ્નલો બંધ

હિંમતનગર, તા. ૨૩

રાજ્ય સરકાર દ્વારા અકસ્માતો ઘટે અને લોકોમાં ટ્રાફીકના નિયમો અંગે જાગૃતી આવે તે આશયથી પોલીસ અને આરટીઓ તંત્રને ટ્રાફીકના નિયમોના કડક અમલ માટે આદેશ કરાયા છે. પરંતુ ખાટલે મોટી ખોડ એ છે કે જે વિભાગ ટ્રાફીકના નિયમોનો ભંગ કરનાર પાસેથી દંડ વસુલે છે તે વિભાગ હસ્તકના હિંમતનગરમાં વિવિધ સ્થળે લગાવાયેલ સિગ્નલો બંધ હાલતમાં છે. અગાઉ જ્યારે કામગીરી ચાલતી હતી ત્યારે હિંમતનગરવાસીઓ આ સિગ્નલો જોઈને તેનુ પાલન કરવા માનસિક રીતે તૈયાર થઈ ગયા હતા પરંતુ આ કેમેરા લગાવાયાના બે વર્ષ બાદ પણ તે ચાલતા નથી.



આ અંગે આધારભુત સુત્રોમાંથી મળતી માહિતી મુજબ પોલીસના ટ્રાફીક વિભાગ દ્વારા હિંમતનગરના ન્યાયમંદિર, મોતીપુરા અને મહાવીરનગર ચાર રસ્તા ખાતે બે વર્ષ અગાઉ રૂ. ૨૬ લાખના ખર્ચે રાત્રે અને દિવસે પસાર થતા વાહનચાલકો નિયમોનો ભંગ કરી વાહન ન હંકારે તે માટે લાલ, પીળા અને લીલા રંગના સિગ્નલો લગાવવામાં આવ્યા હતા. જોકે શરૂઆતના બે મહીના સુધી આ સિગ્નલો યોગ્ય રીતે કામ કરતા હતા. જેથી વાહનચાલકોએ પણ સિગ્નલની નિશાનીઓનું પાલન કરવા માટે મન મનાવી લીધુ હતુ.

દરમ્યાન શહેરના વિવિધ સ્થળે નગરપાલિકાએ આ ટ્રાફીક સિગ્નલો ઉભા કરવા માટે જરૂરી એવા પોલ લગાવીન તૈયાર કરી પોલીસતંત્રને સુપ્રત કરીને લેખિત જાણ પણ કરી દીધી હતી. તો બીજી તરફ રાજ્ય સરકારે હિંમતનગરના ત્રણ સ્થળે સીસીટીવી કેમેરા લગાવી દીધા છે. પરંતુ હાલ તો આ સિગ્નલો અને સીસીટીવી કેમેરા શોભાના ગાંઠીયારૂપ સાબિત થઈ રહ્યા છે. હાલ તો ટ્રાફીક વિભાગના પોલીસ કર્મીઓ તથા હોમગાર્ડ જવાનો જ્યાં દિવસ દરમ્યાન વાહનોની વધુ અવરજવર રહે ત્યાં સવારે અને સાંજે ફરજ બજાવી રહ્યા છે. જેથી હાલના તબક્કે તો સરકારે કરેલા ખર્ચ એળે ગયા છે. આ સિગ્નલો અને સીસીટીવી કેમેરા ક્યારે કાર્યરત થશે તે અંગે પોલીસતંત્ર પાસે કોઈ જવાબ નથી. જ્યારે પુછવામાં આવે ત્યારે એવો જવાબ મળે છે કે કામ પૂર્ણ થયા બાદ કેમેરા ચાલુ થશે.

## વાંકડા ગામ પાસે ૮ ફૂટ લાંબો અજગર ઝડપાયો

વિજયનગર તાલુકાના વાંકડાં ગામે પરમાર મનુભાઈ ધીરાજીના બાજુના મકાન ૮ ફૂટ લાંબો અજગર મળી આવતા સમગ્ર વિસ્તારમાં ચકચાર મચી ગયો હતો. ગામની નજીકથી મળી આવેલા અજગરનાં લીધે મોટી સંખ્યામાં સ્થાનિકો જોવા ઉમટી પડયા હતા. જોકે વનવિભાગને આ મુદ્દે જાણ કરાતા વન અધિકારીઓ પણ ઘટનાસ્થળે તાત્કાલિક ધોરણે વાંકડાં ગામે પહોંચી અજગરને પકડ્યો હતો. મોટાભાગે આ વિસ્તારમાં અજગર સહિતના સરીસૃપ જોવા મળતા હોય છે.



## ખેડબ્રહ્મા ખાતે લેન્ડસ્કેપ ચિત્ર શિબિર યોજાઈ

ખેડબ્રહ્મા ખાતે આનર્ત આર્ટ એસોસિયેશન ધ્વારા બે દિવસીય ચિત્ર કલાકારોની શિબિયારનું આયોજન કરવામાં આવ્યું હતું. ખેડબ્રહ્મા તાલુકાનાં શીશવલ્લા ખાતે આવેલ મહામૃત્યુ મહા અમ્રુત યુનિવર્સિટી ખાતે ઓમ હિમાંશુજીના અધ્યક્ષસ્થાને શિબિર યોજાઈ હતી જેમાં આધ્યક્ષ ધ્વારા આવેલ ચિતા કલાકારોને આર્ટ અને કારીગરી બાબતે કલાકારોને માર્ગદર્શન આપ્યું હતું.

## હિંમતનગરમાંથી લીલાવૃક્ષો ભરેલ ટ્રક પકડાઈ

હિંમતનગર, તા. ૨૩

હિંમતનગરના મોતીપુરા વિસ્તારમાંથી સોમવારે ગેરકાયદે લીલા લાકડા ભરીને જતા એક ટ્રકને સીટી ટ્રાફીક પોલીસે પકડી લઈ ડીટેઈન કરી તે અંગે આ લાકડા સંરક્ષિત ઝાડના છે કે નહી તે તપાસ કરવા માટે વન વિભાગને જાણ કરી ઘટતી કાર્યવાહી હાથ ધરી છે.

આ અંગે સીટી ટ્રાફીકના પીએસઆઈ એ.ડી. પરમાર તથા સ્ટાફના જણાવાયા મુજબ તેઓ સોમવારે વાહન ચેકિંગ દરમ્યાન મોતીપુરા સર્કલ નજીક કામ કરતા હતા ત્યારે અહીથી પસાર થઈ રહેલ ટ્રક નં. જીજે.૦૮.ડબલ્યુ.૦૫૯૨ શંકાસ્પદ જણાતા તેને ઉભો રખાયો હતો. ત્યારબાદ ટ્રકના ચાલક નારણભાઈ લાલજીભાઈની પુછપરછ કરાઈ હતી.

જેમાં આ ટ્રક ડ્રાઈવરે ટ્રકમાં ભરેલ કણજીના લીલા લાકડા ડુંગરપુરના લસુભાઈએ ભરાવીને પ્રાંતિજ સો મિલમાં મોકલી આપવા માટે કહ્યુ હતુ. ત્યારબાદ પીએસઆઈએ ટ્રકચાલક પોસેથી ડ્રાઈવીંગ લાયસન્સ તથા અન્ય દસ્તાવેજોની માંગણી કરી હતી. જે ટ્રકનો ચાલક રજુ કરી શક્યો ન હતો. જેથી પોલીસે મોટર વ્હીકલ એક્ટ મુજબ લીલા લાકડા ભરેલી આ ટ્રકને ડીટેઈન કરી એ.ડીવીજન પોલીસ સ્ટેશનમાં મુકાવી દીધી હતી. ત્યારબાદ આ ટ્રકની અંદર ભરવામાં આવેલ કણજીનું લાકડુ સંરક્ષિત છે.

# અરવલ્લીની ગીરીમાળાઓની સીમમાં અજગરો નીકળવાનો સીલસીલો યથાવત

ભિલોડા,તા.૨૩

અરવલ્લીની ગીરીમાળાઓમાં સીમ



વિસ્તારોમાંથી અજગરો નીકળવાનો સીલસીલો યથાવત રહેતા ખેડુતો, પશુપાલકો, શ્રમજીવીઓ અને પ્રજાજનોમાં ભારે ફફડાટ ફેલાઈ રહ્યો છે. ભિલોડા તાલુકાના અંતરીયાળ ડુંગરાળ વિસ્તાર પાસે આવેલ વાંકાનેર ગામના સીમ વિસ્તારમાંથી ૮ ફુટ લાંબો અજગર વન વિભાગ ધ્વારા ઝડપાયો હતો. અજગરને સલામત રીતે ઝડપીને નિર્જન જંગલ વિસ્તારમાં છોડી દેવાયો હતો. ખેડુતો, પશુપાલકો, શ્રમજીવીઓ અને પ્રજાજનોએ હાશકારો અનુભવ્યો હતો.

ભાદરવા માસ દરમ્યાન નહીવત વરસાદના કારણે અસહ્ય બાફ અને ઉકળાટ ભર્યા ગરમીના માહોલ વચ્ચે અબાલ,વૃધ્ધ,પશુ-પંખીઓ,સરીસૃપ પ્રાણીઓ,વન્ય જીવો હેરાન પરેશાન થઈ રહ્યા છે. જમીનની અંદર દર (બખોલ) બનાવી રહેતા વન્ય જીવજંતુઓ અસહ્ય બાફ અને ઉકળાટ ભર્યા માહોલ વચ્ચે સીમ વિસ્તારોમાં ફરતા હોઈ પ્રજાજનોમાં ભારે ફફડાટ ફેલાઈ રહ્યો છે.

વાંકાનેર ગામના ખેડુત અળખાભાઈ ધુળાભાઈ તરારના ખેતરમાંથી ૮ ફુટ લાંબો અજગર જોવા મળ્યો હોવાની વાત વાયુ વેગે પ્રસરતાં અજગરને જોવા માટે પ્રજાજનોના ટોળેટોળા એકત્રીત થઈ ગયા હતા. ભિલોડા વન વિભાગની કચેરીમાં જાણ કરાતા આર. એફ. ઓ. પ્રિયાંકભાઈ પટેલની રાહબરી હેઠળ વન વિભાગના રોજમદાર બાલુભાઈ પરમાર, જયંતીભાઈ વણકર, ગંગારામભાઈ વાઘેલાએ ૮ ફુટ લાંબા અજગરને વાંકાનેર ગામના સીમ વિસ્તારમાંથી સલામત રીતે પકડીને કંતાનના કોથળામાં ભરીને સુરક્ષીત રીતે નિર્જન જંગલ વિસ્તારમાં છોડી દેવાયો હતો.



આબુરોડ પાસે આવેલા આકરાંભટ્ટા વિસ્તારની ફરીશતા સોસાયટીના એક ખેતરમાં અચાનક ૧૨ ફુટ લાંબો અજગર આવી જતાં ખેડૂતોમાં અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. સુભાષભાઈ ચૌધરીના ખેતરમાં અજગર આવ્યો હોવાની વાત વાયુવેગે ફેલાઈ જતાં લોકોના ટોળેટોળાં ઉમટી પડ્યા હતા.

# અરવલ્લી કલેક્ટરની મામલતદાર કચેરીની સરપ્રાઈઝ મુલાકાત

### આવકનો દાખલો કઢાવવા આવેલી મહિલાને ૧૫ મિનિટમાં વિધવા સહાય મંજુર કરી આપી

અરવલ્લી જીલ્લાના નવનિયુક્ત કલેક્ટર અમૃતેશ ઔરંગાબાદકર એક્શન મોડમાં આવી ગયા છે. જીલ્લા સેવાસદનમાં આવેલી મામલતદાર કચેરીમાં આકસ્મિક મુલાકાતથી અધિકારીઓ અને કર્મચારીઓમાં ફફડાટ ફેલાયો હતો. મામલતદાર કચેરીની સામાન્ય વ્યક્તિની માફક મુલાકાત કરતા મામલતદાર કચેરીમાં આવકના દાખલા માટે ધરમધક્કા ખાતી ગરીબ મહિલા પર નજર પડતા મહિલાની આપવીતી જાણી તાત્કાલિક આવકનો દાખલો કાઢી અપાવી માત્ર ૧૫ મિનિટમાં વિધવા સહાય મંજુર કરી અપાતા ગરીબ મહિલાની આંખો ખુશીથી ભરાઈ આવી હતી.



અરવલ્લી જિલ્લાના નવ નિયુક્ત કલેકટર અમૃતેશ ઔરંગાબાદકરે જિલ્લા બહુમાળીના પરિસરમાં આવેલી મોડાસા મામલતદાર કચેરીની મુલાકાત દરમિયાન એક ગરીબ મહિલાને જોતા કલેકટર અમૃતેશ ઔરંગાબાદકરે કયા, કામ માટે આવ્યા છો તેવું પૂછયું ત્યારે મહિલાએ જણાવ્યું કે સાહેબ હું આવકના દાખલો લેવા માટે આવી છું. ત્યારે આ કલેકટર અમૃતેશ ઔરંગાબાદકરે તરત જ આવકનો દાખલો કાઢીને અપાવ્યો હતો. આ ગરીબ મહિલા વિધવા હોવાની જાણ થતાં તાત્કાલિક વિધવા સહાયનું ફોર્મ ભરાવી માત્ર ૧૫ મીનીટ વિધવા સહાય મંજુર કરી મંજૂરીનો હુકમ કરતા જીલ્લા સેવાસદનમાં ઉપસ્થિત પ્રજાજનોએ ભારે સરાહના કરી હતી. જીલ્લા સેવાસદનમાં કેટલાક ભ્રષ્ટ અધિકારીઓ, કર્મચારીઓ અને સરકારી કામકાજ કઢાવી આપવા ફરતા દલાલોમાં ફફડાટ ફેલાયો હતો. જીલ્લા કલેક્ટર અમૃતેશ ઔરંગાબાદકરની મામલતદાર કચેરીમાં ઓચિંતી મુલાકાતથી દલાલો રફુચક્કર થઈ ગયા હતા.




## બનાસકાંઠામાં બેસ્ટ મુસ્લિમ ટીચર એવોર્ડ એનાયત કરાયા

પાલનપુર ખાતે આવેલી ટાર્ગેટ એકેડેમીમાં બેસ્ટ મુસ્લિમ ટીચર એવોર્ડનું આયોજન કરાયું હતુ. જેમાં બનાસકાંઠા જિલ્લાના છ શ્રેષ્ઠ મુસ્લિમ શિક્ષકોને ડોક્ટર સુરેન્દ્ર ગુપ્તા, મુસાફિર પાલનપુરી અને ડોક્ટર અમિત વૈદના હસ્તે એવોર્ડ એનાયત કરાયા હતા. આ કાર્યક્રમના હોસ્ટ તરીકે અરમાન સિંધી અને ચિરાગભાઈ રાઠોડે મહત્વની ભૂમિકા ભજવી હતી. આ કાર્યક્રમ સમગ્ર સંચાલન અને આયોજન ઈમરાનભાઈ મોગલે કર્યું હતું.

# સમગ્ર શિક્ષા યોજનાના કર્મચારીઓએ પોતાના વેતન સહિતના પ્રશ્નોના ઉકેલ માટે ટપાલ અભિયાન હાથ ધર્યું

મોડાસા, તા. ૨૨

પોતાના વણઉકલ્યા પ્રશ્નો અને વેતન સહિતની માંગણીઓ ઉકેલ માટે ન છૂટકે સમગ્ર શિક્ષા યોજનાના કર્મચારીઓએ ટપાલ અભિયાન હાથ ધર્યું છે. જેના ભાગરૂપે ગુજરાતભરના સમગ્ર શિક્ષા અભિયાન યોજનાના હજારો કરાર આધારિત કર્મચારીઓએ ટપાલ લખી માંગણીઓ વાચા આપવા આ ટપાલ અભિયાન આદરી દીધું છે.

ગુજરાતના પ્રમુખ અમિત કવિના જણાવ્યા મુજબ પ્રોજેક્ટ ડાયરેક્ટર પી. ભારતી મેડમ, મહેકમ સચિવ પી.કે. ત્રિવેદીને તથા શિક્ષણના અગ્ર સચિવ વિનોદ રાવને વારંવાર લેખિત અને મૌખિક રજૂઆતો કરવા છતાં કરાર આધારિત આ કર્મચારીઓને યોગ્ય વેતન અંગે ચૂપકીદી સેવી ઉપેક્ષા થતા આ અભિયાન છેડવું પડ્યું છે.

સમાન કામ અને સમાન વેતન કાયદો કારાર આધારિત કર્મચારીઓને લાગુ પડે તેવી અનેકો વખતની રજૂઆત સાથે ૧૮-૯-૨૦૧૯ના રોજથી આ અભિયાન હાથ ધરાયુ છે. પ્રત્યેક જિલ્લા અને તાલુકાના કર્મચારીઓ અને પરિવારજનોના સભ્યો રાજયની વડી કચેરીને વેદનાસભર ટપાલ લખી રહ્યા છે. પરિવારો અને કર્મચારીઓ સાથે વાતચીત કરતા જાણવા મળે છે. કે જો દિન ૧૦ માં યોગ્ય ઉકેલ નહીં આવે તો હજારો કર્મચારીઓ અને એમના પરિવારો ગાંધીનગર ખાતે કર્મચારી અધિકાર રેલી યોજાશે. જેમાં પોતાની આ પડતર માંગણીઓ સંતોષાય તે માટે દરેક તાલુકા જિલ્લાના કર્મચારીઓ ગાંધીનગરમાં રેલીમાં જોડાવા ઉમટી પડશે.